

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

પહેલાં તો ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. ધારણામાં પણ અહીંનું (આત્માનું) લક્ષ હોવું જોઈએ. (૫૨૧)

***

ઉલ્લાસમાં ઉલ્લાસ આવી જાય, તે યોગ્ય નથી. (રાગ થવો તે એટલો અપરાધ નથી જેટલો તે રાગનો રાગ થવો. કારણ કે રાગનો રાગ અનંતાનુબંધીનો કષાય છે.) (૫૨૬)

***

સાંભળવું, વાંચવું, ચર્ચા કરવી તે બધી ઉપર-ઉપરની વાત છે; ખરેખર તો અંદરમાં જામી જવું જોઈએ, સ્વરૂપમાં ઊંડાં ઉતરી જવું જોઈએ. (૫૩૦)

***

પ્રશ્ન : શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો?

ઉત્તર : 'હું પરિણામ માત્ર નથી' ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણું સ્થાપવું — એ જ એક ઉપાય છે. (૫૩૨)

***

એક જ 'માસ્ટર કી' (Master Key) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે. 'ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે.' (૫૩૩)

***

આ (ધ્રુવ દૃષ્ટિનું) બળ આવ્યા વિના, (જીવ) બીજી જગ્યાએ અટકશે જ. (૫૩૫)

***

સાંભળવામાં પણ એકાંત ઉલ્લાસ નહિ હોવો જોઈએ, દીનતા લાગવી જોઈએ, ખેદ હોવો જોઈએ. (મુમુક્ષુની ભૂમિકામાં જેને સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર લગની છે તેને સ્વરૂપની અપ્રાપ્તિમાં, સાંભળવા આદિના ભાવમાં પણ અસંતોષ/ખેદ વર્તે છે.) (૫૫૧)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૮૫, વર્ષ-૨૪, સપ્ટેંબર-૨૦૨૧

## અષાઢ વદ ૧૦, બુધવાર, તા.૧૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૫ પ્રવચન-૩૩

**'સર્વ અસત્ પર પદાર્થોના ત્યાગથી અને સત્ નિજ પદાર્થના યથાર્થ ગ્રહણથી આત્મામાં જ નિશ્ચય સત્ય વ્રત છે.'** ભગવાન સત્સ્વરૂપ પરમાત્મા, સત્ય સ્વરૂપ, સત્ સાહિબનો અંતર પરમાત્માનો દૃષ્ટિમાં અનુભવ કર્યો તો એમાં પરમ સત્યવ્રત પણ આવી ગયું. પરમ સત્ય વ્રત. વ્યવહાર સત્ય વ્રતનો વિકલ્પ એ તો (રાગ) છે. આહાહા..! પરમ સત્યનો સ્વીકાર, પરમ સત્યનો સ્વીકાર, પરમ પૂર્ણાનંદનો સ્વીકાર અને તેની પરિણતિ થઈ તો એ પરિણતિની પર્યાયમાં પરમ સત્ય મહાવ્રત ભાવ પણ પ્રગટ થઈ ગયો, નિશ્ચય મહાવ્રત સત્ય આવી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા હિન્દી (લોકો આવ્યા) છે તો હિન્દીમાં (વ્યાખ્યાન) કરીએ છીએ. બપોરે ગુજરાતી કરીએ છીએ. આમાં થોડુંક હિન્દી આવે છે ને એટલે હિન્દી રાખ્યું છે. બપોરે ગુજરાતી. અહીં તો હિન્દી છે એનો હિન્દી અર્થ કરવો અને વળી ગુજરાતી કરવું ઈ કરતાં કીધું આમ લગાવો. આહાહા..! .... ભાષા નીકળવાની હોય તેવી નીકળે. જુઓ, સમજાણું કાંઈ?

પુદ્‌ગલાદિ ગુણપર્યાય, રાગની ચોરી નથી કરતા. ભગવાનઆત્મા પોતાના અનંત ગુણરૂપે બિરાજમાન પ્રભુ, તેની અનુભવમાં દૃષ્ટિ કરીને જ્યાં અનુભવ થયો તો રાગની પર્યાયને પોતામાં ન લીધી તો મહા અચૌર્ય વ્રત પ્રગટ થયું. આહાહા..! એક રાગનો કણ પણ પોતામાં ન લીધો અને ત્રિકાળ આનંદકંદ ભગવાનની નિર્મળ અચૌર્ય દશા પ્રગટ થઈ. પરને પકડ્યા વિના પોતાની પકડ કરી અને પરની પકડ છોડી દીધી. આહાહા..! સમજાણું કાંઈ? 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.' ચેતનપ્રભુ ચૈતન્ય સંપદા રે તારા ધામમાં. તારા ધામમાં અનંત સંપદા પ્રભુ બિરાજે છે. વૈકુંઠપણું તારા ધામમાં બિરાજે છે. આહાહા...! ઓલા વૈકુંઠ ત્યાં ગોતવા જાય છે. 'મથુરા'માં છે ને ઓલો કહે અહીં છે ને અહીં છે. આ કહે, મુક્તિશિલામાં છે. અહીં છે. સમજાણું કાંઈ? આહાહા..! 'સંતોષ રાખવાથી આત્મામાં જ નિશ્ચય અચૌર્ય વ્રત છે.'

ભગવાનઆત્મા પરપદાર્થમાં એકાકાર નહિ થતાં પરમ બ્રહ્મસ્વરૂપ આત્મામાં વિહાર કરવા લાગ્યો. સ્વભાવની દૃષ્ટિ કરવાથી એકાકાર થયો તે બ્રહ્મ વ્રત થયું. બ્રહ્માનંદ ભગવાનમાં એકાકાર થયો તે બ્રહ્મ વ્રત થયું, પર્યાયમાં બ્રહ્મવ્રત આવી ગયું. નિશ્ચય બ્રહ્મ વ્રત, હોં!

સર્વ વિકાર અને મૂર્ચ્છાનો ત્યાગ. ભગવાનઆત્મામાં શુદ્ધ દૃષ્ટિ થઈ, અનંત ગુણના પિંડને પકડી લીધો તો સર્વ વિભાવ અને પરની મૂર્ચ્છા મટી ગઈ તે જ અપરિગ્રહવ્રતની

પરિણતિ, આત્મામાં નિવૃત્તરૂપ પરિણમન થયું. અસંગભાવમાં રમણ કરવાથી પરિગ્રહ ત્યાગ વ્રત પણ થયું. તેમાં શું નથી આવતું? સમજાણું કાંઈ?

આત્મા આત્મામાં જ્યારે સત્યભાવથી ઠર્યો તો નિશ્ચય સામાયિક પણ આવી ગયું. લ્યો, સામાયિક (આવી). કાલે સામાયિક આવી હતી ને? 'તત સામાયિક હોઈ, કેવળી ભાખે એમ.' ભાઈ! તારા ક્ષેત્રમાં ક્યાં ગુણની ઓછપ છે? તારા ક્ષેત્રમાં ક્યાં ગુણની ઓછપ છે કે તારા ક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રમાં તારે ગોતવું છે? સમજાણું કાંઈ?



ભગવાન અસંખ્ય પ્રદેશી પ્રભુ, પરમ પારિણામિક સ્વભાવભાવનો દ્રવ્ય સ્વભાવ પિંડ (છે). ઉદય આદિ છે તે એક સમયના છે. ભલે તે અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે પણ તેની સ્થિતિ એક સમયની છે અને ભગવાન ત્રિકાળ અનંત ગુણના પિંડરૂપ પરિણમન સ્વભાવ, તે છે અસંખ્ય પ્રદેશમાં પણ તેની સ્થિતિ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન ત્રિકાળ અસંખ્ય પ્રદેશમાં પરમ પારિણામિક અનંત ગુણનો સંગ્રહ રાખે છે. સંગ્રહ.. સંગ્રહ. એ ભગવાન સંગ્રહાલય છે. અનંત ગુણનો સંગ્રહાલય! આહાહા..! એ બહારના દાણા ચા ને સાકર સંગ્રહે એને સંગ્રહ કહે છે? સંગ્રહ કરે. આ તો અનંત ગુણનો સંગ્રહાલય. કેટલા? અનંતાઅનંત. કેવળી પણ એક એક સમયે અસંખ્ય ગુણની વાત કરે, એક સમયે, તો એમની ક્રોડ પૂર્વની સ્થિતિ આઠ વર્ષમાં એમાં એટલા કહી ન શકે. સ્વભાવ છે ને! વસ્તુ અને સ્વભાવ. વસ્તુ સ્વભાવવાન. સ્વભાવ. વસ્તુ સ્વભાવ વિનાની હોય? સ્વભાવ.

એવો અનંત ગુણનો પિંડ પ્રભુ, એમાં એકાકાર થવાથી કહે છે કે, સત્યભાવનો આદર થયો. સત્યરૂપ સ્વભાવ ભગવાનઆત્માની એકાગ્રતા થઈ એ સત્યનો આદર થયો તે સામાયિક છે. વીતરાગતા જ્યારે થઈ, આત્માની દૃષ્ટિ કરીને અનુભવ કર્યો, જ્યાં આત્મા ત્યાં અનંત ગુણ **'ત્યારે ભૂતકાળના બાંધેલા કર્મો પ્રત્યે વીતરાગતા થાય છે અને તે કર્મ સ્વયં નિર્જરાને પ્રાપ્ત થતાં જાય છે. તેથી ત્યાં જ નિશ્ચય પ્રતિક્રમણ છે.'** નિશ્ચય પ્રતિક્રમણ થયું. ભગવાનઆત્મા પોતાનું અનંત ગુણરૂપ એક દ્રવ્ય સ્વરૂપનો અનુભવ કરવાથી તેની પર્યાયમાં ભૂતકાળના રાગાદિનો નાશ થઈ ગયો. નિવૃત્તરૂપ પરિણમન થયું તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ?

**'ભવિષ્યમાં થનારા વિભાવોનો પણ ત્યાગ છે...'** તેનું નામ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આપણે આ બધું આવી ગયું છે. પહેલી ગાથા, 'નિયમસાર' નહિ? કઈ ગાથા? સમાધિ પહેલાની ને? પ્રાયશ્ચિત? પ્રાયશ્ચિતની પહેલી ગાથા. વ્રત, નિયમ, બધું (લીધું છે). મૂળ પાઠ. પાંચ મહાવ્રત, ગુપ્તિ, સમિતિ બધું આત્માની પર્યાયમાં સમાઈ જાય છે. નિર્મળ, હોં! એ આવી ગયું છે. મૂળ પાઠમાં (છે). નિશ્ચય... નિશ્ચય. સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં અંતર સ્વરૂપનો આશ્રય કર્યો (ત્યાં) એની દશામાં શું ખામી રહી ગઈ? એમ કહે છે. બધા ગુણ, જેટલા તમે કહો છો એ બધા ગુણની પર્યાયનું

પરિણમન પ્રગટ થઈ ગયું. સમજાણું કાંઈ?

**'એકાગ્રભાવમાં લીન છે...'** ભગવાનઆત્મા પોતાના ગુણોમાં અથવા ગુણીમાં એકાગ્ર છે **'એ જ (ગુણની) નિશ્ચય સ્તુતિ છે.'** એનું નામ સ્તુતિ થઈ. 'સમયસાર' ૩૧ ગાથામાં કહ્યું ને? 'કુંદકુંદાચાર્યદેવ'ને પૂછ્યું, પ્રભુ! કેવળીની સ્તુતિ કોને કહે છે? ભગવાન કેવળજ્ઞાનીની સ્તુતિ આપ કોને કહો છો? તો ઉત્તર આપે છે. અમે તો પૂછીએ છીએ કે કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહે છે? તો કહે છે કે, તારું અનંત ગુણરૂપ એક દ્રવ્ય અતીન્દ્રિય સ્વરૂપનો અનુભવ કર એ કેવળજ્ઞાનની સ્તુતિ છે. જવાબ આ આપ્યો. હું તો કેવલી પરમાત્મા ભગવાન કેવળીની સ્તુતિ પૂછું છું. પંડિતજી! એવું એમાં આવ્યું ને? કેવળજ્ઞાનની સ્તુતિ પૂછું છું, પ્રભુ! કેવળજ્ઞાનની સ્તુતિ તો અમે એને કહીએ છીએ, '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' આહાહા..! ભાઈ! તારો આત્મા રાગ અને વિકલ્પથી પાર અધિક ભિન્ન ચિદાનંદ એકરૂપ સ્વભાવ છે એવી દષ્ટિનો અનુભવ કરવો તે જ અમે કેવળજ્ઞાનીની સ્તુતિ કહીએ છીએ. પણ હું પૂછું છું કે, ભગવાનની સ્તુતિ કોને કહે છે? અને તમે આમ કહો છો. સાંભળ તો ખરો! આહાહા..! ઓલા કહે છે, જ્યારે વ્યવહારની વાત ચાલે ત્યારે નિશ્ચયની વાત કરે છે. ઓલા 'તલોદ.. તલોદ'. 'તલોદ'માં પહેલા આવતા હતા. ભગવાન! સાંભળને ભાઈ!

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને પૂછ્યું કે, મહારાજ! આપ કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહો છો? (તો કહે છે કે), અમે તો કેવળજ્ઞાનની સ્તુતિ તો એને કહીએ છીએ કે, પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ રાગથી અધિક નામ ભિન્ન, વિકલ્પથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન અને કર્મથી પણ ભિન્ન, અને પોતાના અનંત ગુણથી અભિન્ન દ્રવ્ય, એવો અનુભવ કરનારો કેવળીની સ્તુતિ કરે છે, એમ અમે નહિ, સર્વજ્ઞો એમ કહે છે. આહાહા..! આ સર્વજ્ઞ કહે છે, કોણ કહે છે? 'કેવળી બોલે એમ.' ભગવાન એમ કહે છે કે, અમારી સ્તુતિનો અર્થ શું? કે, તારા અનંત ગુણમાં એકાકાર થવું તે જ કેવળીની સ્તુતિ છે. સમજાણું કાંઈ? સ્તુતિ થઈ ને?

(હવે) આરાધન. ભગવાનઆત્મા વિકલ્પથી હટીને, ભગવાન પૂર્ણાનંદ તરફની આરાધના થઈ, સેવન થયું, સ્વભાવ સન્મુખની લીનતા થઈ તો કહે છે કે, તે જ પોતાનો વિનય કરે છે. એ જ નિશ્ચય વંદના, ગુરુની વંદના છે. 'તખતમલજી'! આ વાત ભારે, ભાઈ! ભગવાન! તારી તો સર્વ સ્થિતિ તારામાં જ સમાઈ જાય છે. પરમેશ્વર એમ કહે છે. પરમેશ્વર એમ કહે છે કે, અમે આમ કહીએ છીએ. આહાહા..! જેમને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પોતાની પર્યાયમાં જણાઈ ગયા, પર્યાયમાં જણાઈ ગયા, હો! એક ગુણની એક પર્યાય એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન એક સમયમાં આવી ગયું. એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, તારી વસ્તુ ભગવાન અખંડ અભેદની દૃષ્ટિ કર, અનુભવ કર. એ જ ગુરુની વંદના છે, એ ગુરુની વંદના છે. આહાહા..! ભગવાન કહે છે કે, એ ગુરુની વંદના છે. આ બહારથી ગુરુની વંદના કરે એ તો વિકલ્પ છે, વ્યવહાર છે, પરાધીનતા છે. એ હોય છે, એ બીજી વાત છે પણ એ વસ્તુસ્થિતિ નથી. ... હોય છે, વ્યવહાર વચ્ચે આવે છે. નિશ્ચયમાં જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યારે વચમાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. રાગ આવે છે, ભક્તિ, સ્તુતિ, વંદન, પૂજા (નો ભાવ આવે છે) પણ એની મર્યાદા પુણ્યબંધની છે. એનાથી આગળ લઈ જાઓ તો વસ્તુસ્થિતિમાં એ સમાઈ શકતું નથી. સમજાણું કાંઈ? લ્યો, એ વંદના થઈ, ઠીક!

**'પોતામાં સ્થિરતા કરી છે, એ જ નિશ્ચય કાયોત્સર્ગ છે.'** એ કાયોત્સર્ગ થયો. એ આપણે આવી ગયું છે, 'નિયમસાર'માં આવી ગયું, કાયોત્સર્ગ. સાત ગાથા છે. કાયોત્સર્ગ યોગનો આ 'યોગસાર' છે તો તેમાં ભગવાને યોગ લીધો છે. આત્મા પૂર્ણાનંદ પ્રભુ અભેદ વસ્તુમાં જોડાણ કરવું. યોગ.. યોગ.. યોગ.. જોડાણ (કરવું) બસ! એનું નામ કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગ ....

આત્મા ... એકાંત થઈ જાય છે, એમ કહે છે. અમારા વ્યવહારની કંઈ કિંમત રહેતી નથી. વ્યવહારથી કંઈ લાભ થાય એ કંઈ (કહેતા નથી). ભગવાન! વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી.

મુમુક્ષુ : કર્મ તો ઓછા બંધાય છે ને.

ઉત્તર : ઓછા બિલકૂલ નહિ. એ તો સ્વભાવનો આશ્રય થયો એટલું બંધન ઘટી ગયું.

મુમુક્ષુ : વ્યવહાર છે તો નિશ્ચય છે ?

ઉત્તર : વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. રાગની મંદતા છે તો અરાગ પરિણમન છે એમ છે? એમ નથી. પણ વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આહાહા..! પૂર્ણ આશ્રય જ્યાં સુધી ન થાય, ભગવાનઆત્માનો પૂર્ણ આશ્રય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ત્યાં પરાશ્રયમાં ભગવાન કહે છે એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. પરંતુ તેની મર્યાદા જાણે. એ કાળે જાણેલો પ્રયોજનવાન છે, એમ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ('સમયસાર'માં) બારમી ગાથામાં કહે છે. પંડિતજી! બારમી ગાથા છે ને? '**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं**' ત્યાં '**यदात्वे**' એવો સંસ્કૃતમાં પાઠ છે. '**यदात्वे**' તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જ્યાં સુધી સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી (જાણેલો પ્રયોજનવાન છે).

મુમુક્ષુ : કરેલો પ્રયોજનવાન નહિ.

ઉત્તર : કરેલો નહિ. કરે શું? જાણેલો પ્રયોજનવાન (છે). તેરમા વર્ષે 'ઇન્દોર'માં પણ કહ્યું હતું. વ્યાખ્યાન થયું હતું. ત્યારે 'બંસીધરજી' હતા ને? 'સોલાપુર'ના. એ આવ્યા હતા. અમે ત્યાં ઉતર્યા હતા ને, શું કહેવાય એ? નસિયાજી.. નસિયાજી. પહેલા ત્યાં ઉતર્યા હતા. ત્યાં આવ્યા હતા. પહેલા તો આવીને કહ્યું, હું અભિનંદન આપું છું. (મેં કહ્યું), શું છે? આમ સાધારણ ગરીબ જેવા લાગે. પંડિતજી આવ્યા છે એમ ખબર નહિ. (આવીને) પગમાં પડી ગયા (અને કહ્યું), અભિનંદન આપું છું. કીધું, શું છે? કોણ છો તમે? 'બંસીધરજી'! ક્યાંના? અરે..! પંડિતજી! તમે કહ્યું, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એવી વાત અત્યાર સુધી તો અમે સાંભળી નથી. વ્યવહાર છે, '**यदात्वे**' તે કાળે પાછો. તે કાળે એટલે? એમાં ખૂબી છે. જેટલો સ્વભાવનો આશ્રય કરીને શુદ્ધતા પ્રગટ થઈ તે તો નિશ્ચય છે અને જેટલો હજી રાગ બાકી રહ્યો તેટલી શુદ્ધતાની અલ્પતા અને રાગનું જ્ઞાન કરવું, તે કાળે. પછી ફરીને શુદ્ધતાની વૃદ્ધિ થઈ અને રાગ ઘટ્યો તો તે કાળે તેટલું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. તેટલી તેટલી જેમ જેમ શુદ્ધિ વધતી જાય અને રાગ ઘટતો જાય તે પ્રકારનું ત્યાં જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. તે તે કાળે તેવું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? ભાઈ! વસ્તુની સ્થિતિ એમ છે.

વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નહિ. બન્ને વસ્તુ ફેર છે, બન્નેની દિશા ફેર છે, બન્નેના ફળમાં ફેર છે અને બન્નેના ભાવમાં ફેર છે. ભાઈ! શું થાય? એ કાંઈ કોઈ વસ્તુ બદલી શકાય એવી છે? કે, ભાઈ! ના, ના. આ બધાને ઠીક પડે તો આમ કરો. ભાઈ! તને ઠીક જ એમાં પડે એવું છે. હેં? આહાહા..! આત્મા શુદ્ધ પ્રભુ આત્મા છે. તને ક્યાંય ન ઠીક પડે તો ત્યાં ઠીક પડે એવું અંદરમાં છે.

બહેને એક ફેરી કહ્યું હતું, ક્યાંય ન ગોઠે તો આત્મામાં ગોઠે એવું છે. સમજાણું કાંઈ? આહાહા..! ખબર છે? વાત તો ઈ જ છે. શબ્દોમાં ફેર છે. આત્મા ભગવાનઆત્મા, તને ક્યાંય ઠીક ન પડે તો જા અંદર! સમજાણું કાંઈ? 'તારી હાકલથી કોઈ ન સાથે આવે તો જાજે એકલો તું' તારે કામ શું છે કોઈનું? કે, અરે..! અમે આવી વાત કરીએ ને આ (માનતા નથી). હવે તારે કામ શું છે? હાકલ, વાણી જડ છે, વિકલ્પ એ બંધનું કારણ છે. કોઈ સમજે, ન સમજે એ કંઈ તારે આશ્રયે નથી. કહો, સમજાણું કાંઈ?

'એકલો જાજે રે' આવે છે ને ક્યાંક? નહિ? શું આવે છે? 'મેઘાણી' નહિ, મૂળ તો 'રવિન્દ્રનાથ ટાગોર'નું છે. ઈ તો એની શૈલીએ વાત છે, આપણી બીજી શૈલી છે, હોં! 'તારી હાકલ સાંભળીને કોઈ ન આવે તો એકલો જા જે રે..' ઈ શ્લોક હમણાં આવશે, ઈ આવશે. '**एकलउ**'

એ ૮૬ (ગાથામાં) જ આવશે. ૮૬મી ગાથામાં પહેલો શબ્દ છે. આ ૮૫ (ગાથા) આપણે ચાલે છે ને? ૮૬માં છે. પંડિતજી! ૮૬ છે ને? ઈ ગાથા. '**एक्कलउ**' એ ૮૬ ગાથા છે. આપણે (૮૫) ચાલે છે. '**एक्कलउ इंदिय रहियउ**' એકલો '**इंदिय रहियउ**' ભગવાન!

'યોગસાર' તો અલૌકિક વાત છે. દિગંબર સંતોની શું વાત! ઓ..હો..હો...! એના તો એક એક શ્લોકમાં ચૌદ પૂર્વનો સાર (છે)! સંતો અંતર દશા જેની છઠ્ઠે-સાતમે, આહાહા..! ક્ષણમાં અંતર્મુહૂર્તમાં, ઈ અંતર્મુહૂર્ત એટલે પોણી સેકંડ કહેવાય. અસંખ્ય સમયને પણ અંતર્મુહૂર્ત કહેવાય. નાનાને. પણ ઈ પોણી સેકંડ રહ્યું પણ અંતર્મુહૂર્ત કહેવાય. અસંખ્ય સમય છે. પોણી સેકંડમાં પણ અસંખ્ય છે, હોં! અને એનાથી અડધો કાળ સાતમાનો. ઘડીકમાં અતીન્દ્રિય આનંદ. ક્ષણમાં આ (વિકલ્પ), ક્ષણમાં આ (આનંદ). એક દિવસમાં હજારો વાર છઠ્ઠુ સાતમું! આ તે કાંઈ વાત! ક્ષણે ક્ષણે સાક્ષાત્ પરમાત્માને સ્પર્શે છે. એ તો વળી મંદ પુરુષાર્થ છે એટલે ફટ વિકલ્પ ઊઠે છે. છઠ્ઠાનો પ્રમાદ વિકલ્પ તે બંધનું કારણ છે. ઈતમ.. ઈતમ. આમ જાય છે. આમ જાય ત્યાં સાતમું. આવી દશા મુનિની! એમણે આ શ્લોકો કર્યા છે, લ્યો! કર્યા છે એટલે એમનું નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**એ જ નિશ્ચય કાયોત્સર્ગ છે,...**' કહો, ઠીક! આ ત્રણ ગુપ્તિ પણ એ છે. ભગવાનઆત્મા પોતાનું નિજ સ્વરૂપ, એમાં અંદરમાં સાવધાન.. સાવધાન.. સાવધાન થઈને, દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે અંદરમાં એકાકાર થયા તો ત્રણ ગુપ્તિ થઈ ગઈ. ત્યાં ત્રણ ગુપ્તિ થઈ ગઈ. મન, વચન, કાયા બધાનું અવલંબન રહ્યું નહિ. એમાં જ ત્રણ ગુપ્તિ થઈ ગઈ. ઓ..હો..! પાંચ ઈન્દ્રિયોનો નિરોધ સ્વયં થઈ ગયો. લ્યો! પાંચ ઈન્દ્રિયનું લક્ષ ન રહ્યું. અતીન્દ્રિય ઉપર સ્વયં એકાકાર થઈ ગયા તેનું નામ સંયમ છે. સમજાણું કાંઈ? તેનું નામ ઉત્તમ ક્ષમા છે. આદિ બીજા (ધર્મો) લઈ લેવા.

'**બધા જ શુદ્ધ ગુણોનો નિવાસ આત્મામાં છે. જેણે આત્માનું આરાધન કર્યું તેણે સર્વ આત્મિક ગુણોનું આરાધન કરી લીધું. આત્માના ધ્યાનથી જ આત્માના ગુણ વિકસિત થાય છે.**' વિકસિત નામ પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**શ્રુતજ્ઞાનની પૂર્ણતા થાય છે.**' પોતાના સ્વરૂપમાં એકાકાર થવાથી શ્રુતજ્ઞાનની પૂર્ણતા થાય છે. વાંચ્યે, લખ્યે કાંઈ પૂર્ણ જ્ઞાન થાય છે? '**અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનની ઋદ્ધિ પ્રગટ થાય છે,...**' એ ઋદ્ધિ છે, એ સાધન નથી. અવધિ, મનઃપર્યય (જ્ઞાન) કંઈ મોક્ષનું સાધન નથી, પણ વચમાં ઋદ્ધિ (પ્રગટે) છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાન તો સાધન છે. સ્વરૂપમાં એકાકાર થઈને કેવળજ્ઞાન લ્યે છે. આ તો વચમાં એક ઋદ્ધિ આવે છે. 'અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનની ઋદ્ધિ પ્રગટ થાય છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.' લ્યો! 'નિર્વાણનો પરમ ઉપાય એક આત્માનું ધ્યાન છે.' લ્યો!

'**તત્ત્વાનુશાસન' માં કહ્યું છે જે વીતરાગી આત્મા આત્માની અંદર આત્મા દ્વારા આત્માને દેખે છે અને જાણે છે તે સ્વયં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ થાય છે.**' '**दृगवगमचरणरूपस्य**' એમ છે ને? ત્રીજું પદ. આહાહા..! 'તત્ત્વાનુશાસન'. સમજાણું? સ્વયં સમ્યગ્દર્શન આદિ (રૂપ થાય છે). '**તેથી નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ છે આમ જિનેન્દ્ર ભગવાન કહે છે.**' '**जिनोक्ति**' એમ છે, જુઓ! ઓહોહો..! દિગંબર સંતો પણ જ્યાં ત્યાં ભગવાનને મોઢા આગળ નાખે, હોં! પરમાત્મા આમ કહે છે, ભાઈ! અમે કહીએ છીએ તે પરમાત્મા કહે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ (કહે છે), ના ન પાડીશ, હોં! ના ન પાડીશ. હેં? બહુ દયા, કરુણા (કરી કહે છે). ભાઈ! માર્ગ તો આવો છે, પ્રભુ કેવળી કહે છે. જુઓ! આમાં પણ કેવળી આવ્યું, ઓલામાં (૮૬ ગાથામાં) '**जिनोक्ति**' આવ્યું. આમાં કેવળી કહે છે (એમ આવ્યું). (૮૬માં) '**जिनोक्ति**' કહે છે. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**' એમાં મુનિ કહે છે, એમ આવ્યું.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૪૬ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૧-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૦૬ (વિષય : માર્ગદર્શન)**

**બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. ૨૪૬.**

(૩૪:૫૦ મિનિટથી આગળ)

સામાન્ય રીતે ધર્મના ક્ષેત્રમાં જે જીવો પ્રવેશ કરે છે એ તો આત્મહિત કરવાની ભાવનાથી આવે છે. તો આત્મહિત કરવાની ભાવનાથી આવે છે એ ભાવનામાં એ કાંઈને કાંઈ બીજે રસ્તે ચડી જાય. પહેલેથી જે બાહ્યચરણને મુખ્યતા આપીને અવળે રસ્તે ચડી જાય અને મિથ્યાત્વના શલ્યને અને મિથ્યાત્વને પુષ્ટ કરી નાખે એવું ન બને એના માટે એમ કહે છે કે ભલે તારા પરિણામ મંદ કષાયના થાય અને બાહ્યાચરણ બીજા જગતના પાપી પ્રાણીઓ કરતાં તારું બાહ્યાચરણ શુભ આચરણવાળું હોય તોપણ તું ધર્મ અને ધર્મના કારણમાં એ વાતને ભૂલથી પણ ખતવીશ નહિ. એ આચરણપ્રધાન માન્યતાનો સંબંધ શું છે એ વાતને સ્પષ્ટ કરવી છે. ૨૪૫ અને ૨૪૬નો જે પોઈન્ટ ઓફ વ્યૂ છે—જે એનો દૃષ્ટિકોણ છે એ એક સરખો છે કે આચરણને કારણે કોઈ માન્યતાની ભૂલ ઊભી રહી જાય કે આચરણને કારણે માન્યતાની ભૂલ પુષ્ટ થઈ જાય એ ભૂલ ન થવી જોઈએ. એ દૃષ્ટિકોણ બંનેમાં એક સરખો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એટલી તો એની જાગૃતિ હોવી જોઈએને કે મારે પૂર્ણ શુદ્ધ થવું છે, મારે સંપૂર્ણ શુદ્ધ થવું છે, કષાય કલંકનો એક કણ મારે ન જોઈએ. ક્યારે ન જોઈએ ? કે અત્યારથી ન જોઈએ. ભવિષ્યમાં ન જોઈએ એમ નહિ. અત્યારે, આજે અને અત્યારે પૂર્ણ થવાતું હોય તો ઘડીક પછી અને કાલે થવું છે એ મુમુક્ષુને નથી. એને બાહ્યાચરણની મુખ્યતા આવતી નથી, જેટલી એને માન્યતાના સંબંધમાં મૂળમાં ફેરફાર કરવો છે અને મુખ્યતા આવે છે.

જુઓ! એક સમ્યગ્દર્શન પામનાર જીવનો મંદ કષાયનો વિચાર કરીએ તો ભલે એણે બહારમાં વ્રત, શીલ, સંયમના પરિણામ અંગીકાર ન કર્યા હોય તોપણ કષાયની મંદતા એને કેટલી થાય છે એનો જો વિચાર કરીએ તો મોટા ભાગે તે જીવ તત્ત્વજ્ઞાનની વિચારણામાં રોકાયેલો રહે છે. તત્ત્વના મનનમાં, ચિંતનમાં, મંથનમાં અને ઘોલનમાં એનો જે કાળ વ્યતીત થાય છે, એ બહારમાં બ્રહ્મચર્ય આદિના પરિણામથી પણ ઘણા કષાયની મંદતાવાળા પરિણામ છે. ત્યાંથી પણ કોઈ જીવ સમ્યગ્દર્શન પ્રત્યે આગળ વધે છે, ત્યારે એ જે ભેદજ્ઞાન કરે છે એમાં આત્માના સ્વરૂપ અને સ્વભાવ પ્રત્યેનો વિકલ્પ ઊઠે એનાથી પણ ભિન્ન પડીને જ્ઞાનમાત્ર છું એમ અંદરમાં ભેદજ્ઞાન કરે છે એ વખતે એનો જે કષાયની મંદતાના પરિણામ છે એ તો ઘણી ઉચ્ચ કક્ષાની કષાયની મંદતાના પરિણામ છે. પણ એ કષાયની મંદતાને અને બાહ્યાચરણને દેખાવ કોઈ નહિ

થતો હોવાથી લોકો એ મંદતાને સમજી નથી શકતા પણ બહારમાં જો કોઈ વ્રત, નિયમ, સંયમ લઈ લે તો એને લોકો સમજે છે કે હા, આ આટલું નથી કરતા, આ આટલું નથી કરતા, આ આટલું નથી કરતા એટલી તો એની કિંમત ખરીને? સમજાણું? પણ એ પ્રકારની કષાયની મંદતાના પરિણામ કરતા સમ્યગ્દર્શનના પ્રયત્નના કાળે જે કષાય મંદ થઈ ગયો એ તો ઘણી ઊંચી કક્ષાના કષાય મંદતાના પરિણામ છે. અને તે કષાયની મંદતાના પરિણામ એટલા ઊંચા હોવા છતાં જરા પણ એને ગણતરીમાં લેખતો નથી. મોટી વાત તો આ છે પાછી કે ઉચ્ચ કક્ષાનો વ્યવહાર થવા છતાં એ વ્યવહારને એ પ્રાધાન્ય આપતો નથી, એની મુખ્યતા આપતો નથી એટલે એને શલ્ય બંધાતું નથી. મિથ્યાત્વની પુષ્ટી થતી નથી. ઊલ્ટાનું મિથ્યાત્વ ગળવાનો એ પ્રકાર ચાલે છે ત્યાં અને એ મિથ્યાત્વ ગળીને નાશ થઈ જાય છે. આ લાઈન છે, અનાદિની મોક્ષમાર્ગમાં અને આત્માનું કલ્યાણ કરવાની આ લાઈન છે અને આ માર્ગ છે. એ માર્ગને છોડીને ચીલો ચાતરવો નહિ—બીજા માર્ગે જવું નહિ નહિતર ઉન્માર્ગમાં ચાલ્યું જવાય એમ કહે છે.

એટલે જે ભૂલ થાય છે, સામાન્યતઃ જે ભૂલ થાય છે કે બહારના ત્યાગના પરિણામ પણ મુમુક્ષુજીવને આવે, વ્રત, શીલ, સંયમના પરિણામ પણ મુમુક્ષુજીવને આવે, એ સંભવિત છે, એ ભૂમિકામાં એની સંભાવના છે, નથી એમ નથી. તોપણ અમે તમને ત્યાં લાલબત્તી મૂકીએ છીએ કે એવા પરિણામ થાય તોપણ આ ભૂલ કરશો નહિ. આવી ભૂલ ન થઈ જાય કે જેથી મિથ્યાત્વની પુષ્ટિ થાય. એવી પરમ કારુણ્યવૃત્તિથી આ વાત છે. કરુણાની વૃત્તિ છે એની અંદર શ્રીગુરુની. કે જોજે તને ભલે વ્રત, શીલ, સંયમ આવે એનો અમને બહુ વાંધો નથી પણ જો એ પરિણામની મુખ્યતા થઈ તો મિથ્યાત્વ ગાળવું છે એના બદલે પુષ્ટ થઈ જાય એવી ભૂલ તો રખે પણ ભૂલેચૂકે પણ ન થાય એટલી વાતને અહીંયાં અમારે કહેવી છે. અને આવી ભૂલ પ્રાયે થઈ જાય છે. તેથી આ કહેવામાં આવે છે. એમ કહેવું છે. એ રીતે એ વિષય ઘણો ઉપકારી છે.

આ તો ચારિત્રના પરિણામ લીધા પણ આદિ આદિ જે વાત છેને એમાં જ્ઞાનનો વિષય પણ લઈ શકાય. જેમ ચારિત્રના ક્ષયોપશમમાં બ્રહ્મચર્ય અને વ્રત અને સંયમ અંગીકાર કરવામાં આવે છે એ ચારિત્રના ગુણના ક્ષયોપશમનું કાર્ય છે. એ જ પ્રકારે જ્ઞાનના ક્ષયોપશમના કાર્યમાં પણ જીવ વિકાસ કરે, આગળ વધે ત્યારે એને અનેક પ્રકારે તત્ત્વના સંબંધમાં શાસ્ત્રના અનેકવિધ વિષયોમાં એના જ્ઞાનમાં સંગ્રહ થાય છે, એનો એ વિષય થાય છે. ત્યારે પણ એને આત્માનું ભાન થયું છે કે નહિ? નહિતર 'મને જ્ઞાન થયું' એ શલ્ય ગરી જશે. મને જ્ઞાન છે, મને સમજણ છે, હું જાણું છું, હું સમજું છું. અને એમાંથી સ્વચ્છંદ ફાટશે, એમાંથી અવગુણો વધી જશે.

એ આદિમાંથી એ પડખું પણ કાઢી શકાય છે કે આત્મભાન થયા પહેલા અથવા તો આત્મા ભાસ્યમાન થાય તે અર્થે આ શાસ્ત્રજ્ઞાનનો વિષય છે, શાસ્ત્ર નિમિત્ત છે. એ યથાર્થ પ્રકારમાં જ્ઞાનના વિષયમાં આવ્યા વિના જે કાંઈ જ્ઞાનમાં સંગ્રહ થયો ચારેય અનુયોગમાંથી, એમાં પણ ક્યાંય હું ધર્મમાં આગળ વધ્યો કે ધર્મના કારણમાં આગળ વધ્યો એ માન્યતામાં એ મિથ્યાત્વ અને શલ્યને પુષ્ટ કરી બેસશે. એ એમાંથી જ્ઞાનના આચરણમાં અને જ્ઞાનના ક્ષયોપશમમાં પણ એ વાત વિચારી લેવી જોઈએ. આમ છે. નહિતર એમાં પણ ગડબડ થાય છે. અને એ પણ ઘણી મોટી ગડબડ થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ન ખબર પડે. મુમુક્ષુતામાં કોઈવાર ખબર ન પડે. બહારમાં ઉઘાડ ઓછો હોય તો એના જ્ઞાનની સમજણની ખબર ન પડે. બહારમાં ચારિત્રનો ક્ષયોપશમ ન હોય તો એકદમ સામાન્ય માણસોની પ્રવૃત્તિ હોય એવી પ્રવૃત્તિ હોય. એટલે ઈ રીતે એને એનું માપ કાઢવામાં ન લેવું જોઈએ. એટલું તો નહિ, કોઈ સમ્યગ્દષ્ટિ જ્ઞાની હોય તોપણ એને માણસ નથી ઓળખી

શકતા. સામાન્ય રીતે લોકો સમ્યગ્દષ્ટિને નથી ઓળખી શકતા એનું પણ આ કારણ છે કે બહારમાં કોઈ એના ફેરફારો નથી એટલા હોતા એટલે એને લોકો ઓળખી શકતા નથી. એવો કોઈ નિયમ નથી. હા, એટલું છે કે સામાન્ય રીતે મુમુક્ષુજીવ વૈરાગી હોય છે. આટલું એક સામાન્ય લક્ષણ છે. અને એ વૈરાગ્ય મુમુક્ષુની ભૂમિકામાં જરા વધારે જોર પણ પકડે છે ત્યારે એવું પણ લાગે કે જાણે જ્ઞાની કરતાં પણ મુમુક્ષુનો વૈરાગ્ય વધી ગયો છે. એવું જોર આવે. અને એ એક એનું બહારમાં દેખાતું સ્પષ્ટ લક્ષણ છે.

પાંચેય ઇન્દ્રિયના વિષયોમાં કોઈપણ પ્રકારે એને વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... ઉપેક્ષાવૃત્તિ છેને? એને સર્વ વિષયોથી ઉપેક્ષા થઈ છે. અંતરમાં એક આત્માની અપેક્ષા કરવી છે એટલે એ પડખું એનું બહારમાં ઊભું થાય છે. પણ એ તો મુમુક્ષુતામાં યથાર્થતા વિના પણ વૈરાગ્ય આવે અને યથાર્થતા આવે એને વૈરાગ્ય આવે. એટલે માત્ર એનાથી માપ ન નીકળે. પણ છતાં વૈરાગ્ય આવે, વૈરાગ્ય હોય છે એ એનું ખાસ પડખું છે.

એવું જ એનું ભક્તિનું પણ પડખું છે કે એનું હૃદય એટલું ભીંજાયેલું હોય છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર અને ઉપકારી સત્પુરુષ પ્રત્યે અત્યંત ભક્તિના પણ પરિણામ થાય છે. કેમકે એને એ પોતાના આત્માનું સ્વરૂપ બતાવવામાં નિમિત્ત થાય છે. એવું જાણતા એને એના પ્રત્યે ઉપકારની, ભક્તિની, બહુમાનની વૃત્તિ ઉત્પન્ન થઈ આવે છે. પણ એ અજ્ઞાનીને અયથાર્થતામાં પણ થાય છે. બેય પડખા એવા છે કે યથાર્થપણે હોય અને અયથાર્થપણે પણ હોય છે. એથી માત્ર એનાથી માપ ન નીકળે. પણ એ બે યથાર્થતામાં તો હોય, હોય ને હોય જ. ન હોય એવું ન બને. આમ છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીનો જ્ઞાની કરતા વૈરાગ્ય વધારે હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું તો સામાન્યપણે એક વખત તો એવું થવું જોઈએ છે. જે સમ્યગ્દર્શન પામે તો એ વાત જરા વૈરાગ્યની વિશેષતાવાળી વાત છે. એવું બને જ છે. કેમકે જ્ઞાનીને એક કેપેસીટી આવી ગઈ છે. પોતાની દશામાં એક શક્તિ આવી છે એટલે ઉદયમાન સ્થિતિમાં ઓછો વૈરાગ્ય દેખાય એવું કોઈવાર બને ખરું. કોઈ પુણ્યના એવા ઉદય હોય તો. પણ જેને હજી આત્મા મેળવવામાં આગળ વધવું છે, આગળ ધસવું છે, જોર કરવું છે એને ઘણો વૈરાગ્ય આવે છે.

ઉપદેશ છાયામાં એ અંગેનો એક બોલ છે. શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દોમાં ધ્યાન ખેંચે એવો વિષય છે. સત્પુરુષ કરતા મુમુક્ષુનો ત્યાગ, વૈરાગ્ય વધી જવો જોઈએ. લ્યો ઠીક ! તારે જોર કરવું છે ને? એકવાર તો તને એમ થવું જોઈએ, એનો એ પ્રકાર આવી જવો જોઈએ કે જાણે સત્પુરુષ કરતા એનો ત્યાગ-વૈરાગ્ય વધારે છે. કેવી વાતો લખી છે! **'સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ વૈરાગ્ય વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગૃત જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ.'** જુઓ! કેવી વાત લખી છે! અંતર જાગૃતિપૂર્વક વાત લીધી છે, હોં! કોઈ એમ ને એમ ત્યાગ વૈરાગ્ય વધારી દે એટલે બીજી વાત તરત સાથે જોડી દીધી છે કે હું જ્ઞાનમાત્ર છું એવી અંતર સાવધાની અને જાગૃતિપૂર્વક એને વૈરાગ્ય વધવો જોઈએ.

**'સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે.'** કેટલી જાગૃતિ છે એને કે એને સત્પુરુષના વચનોમાંથી પોતાની ખામી અને પોતાનો દોષ અને પોતાની ક્ષતિ દેખાય. જોયું! એ જાગૃતિનું લક્ષણ છે. સત્પુરુષોના વચનો સ્વલક્ષે અંગીકાર જેને કરવા છે. આ પ્રકારમાં છે એ. એને તે તે વચનોમાંથી ગુણ-દોષનો વિષય મુખ્યપણે એના જ્ઞાનમાં અને ચકાસણીમાં રહે છે. ત્યારે એને પોતાના દોષો જણાય છે અને એનો એને ખેદ થાય છે. અને એ રીતે એ ગુણ પ્રગટાવવામાં એ પ્રક્રિયા એના પરિણમનમાં ભજે છે.

આ રીતે **'સત્સંગસમાગમની જરૂર છે.'** કોને? મુમુક્ષુજીવને સત્સમાગમની જરૂર છે. જ્ઞાનીને મુમુક્ષુઓ

સત્સમાગમાં આવે અને એની ભક્તિ કરે એની જરૂર નથી. એમ છે એની અંદર. **'બાકી સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે.'** એને આ જગતમાંથી કાંઈ જોઈતું નથી. એ માર્ગ બતાવી દે છે. જો ભાઈ! આ માર્ગે, આ અનુભવનો માર્ગ છે અને આ માર્ગે અમે આગળ વધ્યા છીએ. એ પરમ નિષ્કારણ કરુણાબુદ્ધિથી તને કહેવામાં આવે છે. અમને કોઈ અપેક્ષા છે એ અપેક્ષિત બુદ્ધિથી આ વાત કરતા નથી. એવા નિઃસ્પૃહપણે એ વાત કરે છે. ૭૧૧ પાના ઉપરનો ટૂકડો છે.

પણ અહીંયાં તો ગુરુદેવશ્રી જે વિશિષ્ટ વાત કરે છે એ એ છે કે ત્યાગ વૈરાગ્ય વધે તોપણ આત્મભાન ઉપર જેનું લક્ષ છે કે મારે આત્મભાન કરવું છે એને ત્યાગ વૈરાગ્ય થવા છતાં એના ઉપર લક્ષ નહિ જાય. એમાં શું? એ તો સહેજે પરિણામ મંદ રહે છે. એમાં શું? તીવ્ર કષાયના પરિણામ સહેજે નથી થતાં એમાં શું? એટલે એની મુખ્યતા એ નહિ આપે. આત્મભાન કરવાની દિશામાં એ આગળ વધશે, એમાં એ સાવધાન થશે. તો એને મિથ્યાત્વ ગળી જશે. અને એમ નહિ થાય તો મિથ્યાત્વ પુષ્ટ થતાં વાર લાગશે નહિ. કેમકે છદ્મસ્થ જીવ ક્યાંયને ક્યાંય તો મુખ્યતા આપે જ છે. છદ્મસ્થ જીવના પરિણમનમાં મુખ્ય ગૌણ કરવાનું કાયમ બને છે. આ જે મુખ્ય ગૌણનો જે ફેક્ટર છે, આ જે મુદ્દો છે. એને યથાસ્થાનમાં ગોઠવવાની અહીંયાં વાત છે. કહેવાની અંદર દૃષ્ટિકોણ આટલો જ છે.

ગુરુદેવનો જે કહેવાનો દૃષ્ટિકોણ છે એ આટલો જ છે આની અંદર કે મુખ્ય-ગૌણ તો તને થઈ જ રહ્યું છે. હવે એ મુદ્દો બહુ મહત્ત્વનો છે. એને યથાસ્થાનમાં ગોઠવવા માટે આ વાત છે. એમાં જો સ્થાનફેર થઈ ગયું તો આખો માર્ગ ફરી જશે, આખી રીત બદલાઈ જશે, આખી વિધિ ફરી જશે અને કોઈ રીતે તને સન્માર્ગે ચડવાનું બનશે નહિ. ઊલ્ટું ધર્મના ક્ષેત્રમાં પણ તું મિથ્યાત્વને પુષ્ટ કરી જઈશ. એ જાતની વાત છે. એ રીતે એ વિષય ઘણો સૂક્ષ્મ છે.

કોઈપણ પ્રકારે એ મુખ્યતા ક્યાં કરે છે? આ કિંમત આપવાનો બોલ એટલા માટે અહીંયાં લાગુ થાય છે કે કિંમત આપવા મુખ્યતા થાય છે. તો એણે ક્યાં કિંમત આપી? ભલે તેં બાહ્ય વિષયના ભોગ-ઉપભોગને કિંમત ન આપી, તો તેં બાહ્ય વિષયના ત્યાગ વૈરાગ્યને તો કિંમત આપીને? ઈ બંને એક સરખી વાત થઈ ગઈ. જેમ ભોગ-ઉપભોગને કિંમત ન આપી તો ત્યાગ વૈરાગ્યને તો તે કિંમત આપીને? આત્મભાન કરવા બાજુની તારી મુખ્યતા હોવી જોઈએ. તારી કિંમત આત્માને ઓળખવામાં, આત્માનું દર્શન કરવામાં, આત્માનું જ્ઞાન કરવામાં તને મુખ્યતા વર્તવી જોઈએ. એમ ન થાય તોપણ ધર્મના ક્ષેત્રમાં ભૂલા પડવાનો માર્ગ ઘણો છે, સ્થાન ઘણા છે. અને એમાં બાહ્ય ચારિત્રમાં તો જીવ ભૂલે છે પણ જ્ઞાનના ક્ષયોપશમમાં પણ જીવ ભૂલે છે. કેમકે જ્ઞાન એ આત્મજ્ઞાન અને આત્મદર્શનનું મુખ્ય નિમિત્ત છે. ચારિત્ર વ્રત, શીલ, સંયમ અને વૈરાગ્ય કરતા પણ. નજીકનું નિમિત્ત તો એને શાસ્ત્રજ્ઞાન છે, તત્ત્વજ્ઞાન છે. પણ તત્ત્વજ્ઞાનમાં પણ સ્વરૂપનું ભાવભાસન થઈને આત્મભાન થાય એ વિષયમાં અંતરંગમાં આગળ વધવાને બદલે એકદમ શાસ્ત્રજ્ઞાનના વિકાસમાં આગળ વધે તોપણ એને એ પરલક્ષી જ્ઞાન મારી નાખશે. એ પરલક્ષી જ્ઞાનમાં એને શલ્ય ઊભા થાશે અને મિથ્યાત્વની પુષ્ટિ થઈ જશે. એ પ્રકાર આવશે. એ રીતે બહુ મહત્ત્વના દૃષ્ટિકોણથી આ વાતનું ધ્યાન ખેંચ્યું છે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (સપ્ટેંબર-૨૦૨૧)નું શુલ્ક શ્રી મણીભાઈ સાવલા, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## બોલ–૨૪૯, તા. ૨૩–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૦૮

**વિષય :– માર્ગદર્શન**

**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૪૯.**

(૧૭:૩૦ મિનિટથી)

૨૪૯. '**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી,...**' ખરેખર તો સમ્યગ્જ્ઞાન કે જેમાં રાગ જણાય આવે છે તે જ્ઞાન તો પવિત્ર છે. રાગને જાણતાં જ્ઞાન મલિન તો થતું નથી પરંતુ સમ્યગ્જ્ઞાન કે જે પવિત્રસ્વરૂપે છે, જે જ્ઞાન પોતે સ્વયં પવિત્ર છે તે જ્ઞાન રાગને જાણતાં પણ પવિત્ર રહે છે. ઠીક! કેમ? કે રાગની મલિનતા સાથે તે ભળતું નથી. રાગરસ, મલિનરસ એમાં અભેદ થતો નથી. એટલે એમ છે કે રાગને ભિન્નપણે જાણતા જ્ઞાન પવિત્ર છે. ઠીક! આમ છે. રાગને જાણનારું જ્ઞાન મલિન તો નથી પણ રાગને ભિન્નપણે જાણનારું જ્ઞાન તો પવિત્ર છે. આમ છે. ઠીક! આપણે આમાંથી સામો બોલ લઈ લીધો. મલિનની સામે પવિત્ર.

'**રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી,...** ' તો શું થાય છે? કે રાગને ભિન્નપણે જાણનારું જ્ઞાન તો પોતાની પવિત્રતામાં બરાબર રહી જાય છે. એમાં કાંઈ ફેર પડતો નથી. તો જ્ઞાન ક્યારે મલિન થાય છે? કે '**રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે.** ' આમ છે. પરપદાર્થને જાણવું તે દોષનું કે મલિનતાનું કારણ નથી. રાગરૂપી મલિનતાને જાણવું કે દોષનું કે મલિનતાનું કારણ નથી. પણ પરમાં અને રાગમાં સ્વપણું થતાં, સ્વપણું મનાઈ જતાં, સ્વપણે સ્વીકારાઈ જતાં, શ્રદ્ધાતા જ્ઞાનમાં મલિનતા ઉત્પન્ન થઈ આવે છે. એ તીવ્ર રાગરસથી રંગાયેલું જ્ઞાન છે, તે જ્ઞાન મલિન જ્ઞાન છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પહેલા એમ કહેતા હતા કે રાગ પોતાનો દોષ છે, પોતાનો જ છે એમ તું જાણ. કર્મને કારણે કે પરને કારણે નથી... અહીંયા કહે છે કે રાગ તારો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– તારો નથી એટલે તારી પર્યાયમાં ઉત્પન્ન થતો નથી એવો અર્થ ન લેવો. તારા સ્વરૂપે નથી, તું એ સ્વરૂપે નથી. એક બહુ સરસ વાત છે કે આ શરીરમાં રોગ થાય છે. કિડની બગડે છે ત્યારે સોજા ચડે છે. કિડની બગડેને? ત્યારે સોજા ચડે. તો સોજા ચડે તો બીજો માણસ જરા બહુ રૂપાળો હોય કે રૂપાળો ન દેખાતો હોય, જરાક ચામડી ગોરી હોય પણ દુબળો હોય તો એટલો ન દેખાતો હોય, પણ જ્યાં શુષ્ક થાય સોજો ચડે ત્યારે એનું રૂપ દેખાય. ભાઈ! તમે બહુ સારા દેખાઓ છો. કેમ હશે?

કહે છે કે એ સોજો છે એમાં ઝેરની વ્યાપ્તિ છે. શું થયું? કિડનીના ફંક્શનમાં તકલીફ થઈ, વિકૃતિ થઈ એમાંથી ઝેરની ઉત્પત્તિ થઈ. અને એ ઝેર આખા શરીરમાં વ્યાપ્યું અને સોજારૂપે દેખાવ દીધો. હવે એ શરીરની અવસ્થા છે કે નહિ? કે બીજી કોઈ વ્યવસ્થા છે? એ અવસ્થા શરીરની છે. કોની અવસ્થા છે? પણ આ મને ઈષ્ટ નથી. આ રાખવા જેવું નથી. પણ આવું રૂપ નીખર્યુંને? રૂપને હું તોડી નાખું? કે ભાઈ! એ રૂપ નથી નીકળ્યું. એ ઝેર વ્યાપ્યું છે અને એનો ઈલાજ નહિ થાય તો મૃત્યુ થતાં વાર લાગશે નહિ.

અમારા એક જૂના ભાગીદાર હતા. એ ટ્રાવેલિંગમાં

ગયા એમાં કોઈ ડોક્ટર સાથે કાંઈક મળવાનો પ્રસંગ થયો. એણે પગે સોજો જોયો. કહે, આ તમારા પગે સોજો છે? થોડી ગંભીર વાત છે. ઓલો માણસ જરા હિંતમવાળો બહુ હતો. હવે એવું તો શરીરમાં થયા જ કરે. અમે તો કાંઈ એવું ગણકારતા નથી. અમારે આખો દિ' રખડવું, ટ્રાવેલિંગ એટલું રહે છે. એમાં આ બધું સોજા-બોજાને ક્યાં અમે ગણકારીએ? ઓલો સમજી ગયો ડોક્ટર હતો ઈ કે આ માણસ ગંભીર ભૂલ કરે છે. ઈ કહે, છ મહિનામાં પતી જશો તમે. બાર મહિના નહિ કાઢો. ઓલો બોલે બહુ જબરો હતો. ડોક્ટર તમે શું આ ડોક્ટરી કરો છો? આવી ડોક્ટરી કરશો તો તમે કાંઈક ઊંધુ મારશો. તો કહે કેમ? કે બાર મહિના પછી તમારા દવાખાને આવીને આ તમારું ડોક્ટરનું સર્ટીફિકેટ ફાડવા આવવાનો છું. શું કીધું? બાર મહિના પછી હું આ ગામમાં ફરીને આવીશ અને આ તમારું સર્ટિફિકેટ ફાડી જઈશ. એ ફાડવા જ આવવાનો છું. મરવાની વાત કરીને એટલે ઓલાએ ઉગ્રતાથી વાત કરી. ઈ માણસ છ મહિનામાં ખલાસ. ખરેખર એણે ધ્યાન ન આપ્યું. મહિનો-દોઢ-બે મહિનામાં તો એવી ઉગ્રતા પકડી રોગે (કે) પથારીવશ. અને બીજા મહિના-દોઢ મહિનામાં તો ૩૦-૩૨ વર્ષની ઉંમર, હોં! જુવાન ઉંમર હતી. જે જોર કરતો હતો એનું કારણ એ હતું કે ઉંમર નાની હતી એની. ખલાસ, ઉપડી ગયો. જે સોજો ચડ્યો એ શું ગણવું? એ શરીરની અવસ્થા હોવા છતાં તંદુરસ્તી કેળવવા અર્થે એને તંદુરસ્ત સ્વરૂપમાં સ્વપણાનું વજન દેવા અર્થે એ મારું નથી એમ કહેવામાં આવે છે. હેતુ પ્રધાનતાથી વાત લેવી.

જ્યાં જે અપેક્ષા હોય ત્યાં બીજી અપેક્ષા લડાવો એટલે એ અપેક્ષા જે ઊભી કરવી છે ત્યાં કહેનારને એ મારી જાય છે. એ જ્ઞાનમાં ગૌણપણે રાખવાની ચીજ છે. રાગ જીવનો છે એમ ત્યાં ગૌણપણે રાખવાની વાત છે. ત્યાં હેતુ રાગનો નિષેધ કરવાનો છે, રાગને મટાડવાનો હેતુ છે, એ હેતુ ઉપસાવવાની જે વિવિક્ષા છે, જે અપેક્ષા છે તે અપેક્ષાને તોડવા માટે કે ઢીલી કરવા માટે બીજી અપેક્ષાની ટાંગ લગાડવી જોઈએ નહિ. એમ છે.

એક માણસ પાસે તમારા પૈસા લેણા હોય અને ઉઘરાણીએ જાવ. ભાઈ! મારા રૂપિયા આટલા લેણા છે તો તમે મને જરૂરથી મારા પૈસા તમે પાછા આપો. મારા તમારે ત્યાં છે. ઓલો માણસ પૈસા આપવાને બદલે એમ કહે કે કેમ ભાઈ, રૂપિયા મારા આટલા લેણા છે. મને પાછા આપો. ઠીક! ખોટે ખોટું કહે. ત્યારે તમે શું કહો છો? હેં તમારા લેણા છે એમ? પ્રશ્નાર્થ મૂકી દીધો. એવી વાત છે? તમારા લેણા છે? એનો અર્થ શું થાય? તમે લેણા સ્વીકારી લીધો એમ અર્થ છે? તમે જે પ્રશ્નચિહ્ન લગાવ્યું અનો અર્થ એ છે કે બિલકુલ તમારી વાત ખોટી છે, જૂઠી છે. પણ તમારી વાત ખોટી છે એવું તો તમે બોલતા જ નથી એમાં. તમે તો ખાલી પ્રશ્ન જ કર્યો એને કે એમ તમારા લેણા છે? શેના લેણા છે તમારા? આમ પ્રશ્ન ઉઠાવ્યો એમાં એની વાત ખોટી એમ તમે ન બોલ્યા. પણ એ બોલવાની જરૂર નથી. એનો અર્થ જ એમ છે કે તમારા બિલકુલ લેણા નથી અને લેણા તો મારા છે. એક પદ્ધતિ હોય છે.

જોર દેવાની એક પદ્ધતિ છે. એમાં શબ્દની સાથે અને શબ્દના અર્થની સાથે મારામારી ન હોય. એવી શાસ્ત્રમાં અનેક શૈલી છે. એમાં સ્વદ્રવ્ય ઉપર સ્વપણાનું જોર કેમ દેવાય છે એટલો જ પોઈન્ટ ત્યાં ગ્રહણ કરવાનો છે. એ સિવાય ત્યાં શબ્દના અર્થમાં જાય તો બીજો જ શબ્દનો અર્થ થતો હોય.

(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૦-C



પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'ના છઠ્ઠા બોલમાં આવે છે, પૂર્ણતાના લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે. તો પૂર્ણતા એટલે શું લેવું? સિદ્ધદશા કે ત્રિકાળી સ્વભાવ? પૂર્ણતા એટલે સિદ્ધદશાને લક્ષે કે પૂર્ણ ત્રિકાળી સ્વરૂપના લક્ષે? પૂર્ણતાના લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે.

ઉત્તર :- એમાંથી બેય અર્થ નીકળે છે. પૂર્ણતાને લક્ષે એટલે આત્મા પરિપૂર્ણ, સ્વભાવ પરિપૂર્ણ છે એને લક્ષમાં લેવાથી શરૂઆત સાચી થાય છે. પણ શરૂઆત કરી ક્યાં પહોંચવાનું છે? ઠેઠ પૂર્ણતા સુધી એવો પણ અર્થ એમાંથી બેય નીકળે છે. દ્રવ્ય પોતે સ્વભાવે શુદ્ધ પરિપૂર્ણ છે એ જો એને લક્ષમાં આવે અને એને ઓળખાય, એનો આશ્રય લે તો જ શરૂઆત સાચી થાય છે.

પછી બીજો અર્થ એ છે કે શરૂઆત કરી અને ધ્યેય ક્યાં બાંધ્યું? ક્યાં જાવાનું છે? કે ઠેઠ આત્માની પરિપૂર્ણ નિર્મળતા થાય ત્યાં સુધી પહોંચવાનું છે. એમ લક્ષમાં લે તો જ સાચી શરૂઆત થાય છે. ક્યા ગામ જાવું છે એમ સમજીને જો ચાલવા માંડે તો જ એ બરાબર છે. પણ ક્યાંય ધ્યેય વગરની સાચી શરૂઆત થઈ શકતી જ નથી. બેય અર્થ એમાંથી નીકળે છે. પર્યાય પૂર્ણ પ્રગટ કરવાની, કેવળજ્ઞાન પ્રગટ કરવાનું છે એના લક્ષે સાધકદશાની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન એક અંશ છે. દ્રવ્યને તો લક્ષમાં લીધું કે દ્રવ્ય સ્વભાવે પરિપૂર્ણ લક્ષમાં લીધું. એક અંશે સાધકદશા થઈ પણ હજી સાધના બાકી છે. સાધના બાકી ઠેઠ કેવળજ્ઞાનની પ્રાપ્તિ વીતરાગદશા કરવાની છે. એવું એને લક્ષમાં હોય તો જ એની સાચી શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન થાય એટલે પૂર્ણ થઈ શકાતું નથી, હજી તો અંશ છે, પરિપૂર્ણ હજી વીતરાગદશા બાકી છે. પૂર્ણતાને લક્ષે સાચી શરૂઆત થાય છે.

પ્રશ્ન :- માતાજી! કોઈ જીવ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને શરૂઆત કરે તો એ બરાબર નથી?

ઉત્તર :- સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને શરૂઆત કરે તો એ શરૂઆત નથી. સમ્યગ્દર્શન પ્રગટ કરવું પણ સમ્યગ્દર્શન કોના આશ્રયે થાય છે? સમ્યગ્દર્શન દ્રવ્યના આશ્રય વગર સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. સાચી શરૂઆત સમ્યગ્દર્શનના લક્ષે થાતી નથી. દ્રવ્યને લક્ષે શરૂઆત થાય છે અથવા તો મારે પરિપૂર્ણ નિર્મળતા પ્રગટ કરવી છે એમ શરૂઆત થાય છે. માત્ર સમ્યગ્દર્શન ભાવના આવે સમ્યગ્દર્શનની કે અનાદિ કાળથી આ સમ્યગ્દર્શન જેનાથી ભવનો અભાવ થાય છે એવું સમ્યગ્દર્શન જીવે પ્રાપ્ત કર્યું નથી. એ બધું કરી ચૂક્યો પણ એક સમ્યગ્દર્શન જેનાથી ભવનો અભાવ થાય, આત્માની સ્વાનુભૂતિદશા પ્રાપ્ત થાય, આત્મા પ્રાપ્ત થાય, જેનાથી ભવનો અભાવ થાય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી એમ ભાવના આવે. પણ સમ્યગ્દર્શન કોના આશ્રયે થાય છે? અને સમ્યગ્દર્શનની શરૂઆત કેવી રીતે થાય છે? એ બધું જાણ્યા વગર સમ્યગ્દર્શનના લક્ષે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનના આશ્રયે સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દર્શનને લક્ષમાં રાખીને સમ્યગ્દર્શન એમ થાતું નથી. એની ભાવના આવે પણ એને તો દ્રવ્યનો આશ્રય હોય છે અને પૂર્ણતા લક્ષમાં હોય છે. સમ્યગ્દર્શનની પાછળ વીતરાગતા પ્રગટ કરવાની હોય છે.

પ્રશ્ન :- પૂર્ણતાનો પ્રયાસ કરે એ તો અમને માન્ય છે. સ્વભાવના આશ્રયે, જ્ઞાયકના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય. પણ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખે, મોક્ષનું ધ્યેય નહિ પણ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને એ પ્રયત્ન કરી શકે ખરો કે

ન કરી શકે?

ઉત્તર :- સમ્યગ્દર્શન ધ્યેય નહિ. આત્માનું ધ્યેય હોવું જોઈએ. સમ્યગ્દર્શનની ભાવના હોય છે.

પ્રશ્ન :- પૂર્ણતાનું જ ધ્યેય હોવું જોઈએ? મોક્ષનું જ ધ્યેય હોવું જોઈએ?

ઉત્તર :- પૂર્ણતાનું મોક્ષનું ધ્યેય હોવું જોઈએ. દ્રવ્યનું ધ્યેય અને પૂર્ણતાનું ધ્યેય હોવું જોઈએ.

પ્રશ્ન :- કોઈને એમ થાય કે હવે અત્યારે આટલી મોટી વાત કરવી એના કરતા આપણે સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને આપણે સ્વભાવનો આશ્રય લો. તો ખરેખર એ ત્યાં અટકી જાય કે એને થાય?

ઉત્તર :- પણ એને સ્વભાવનો આશ્રય આવે જ નહિ. માત્ર અધૂરું ધ્યેય હોય તો. એને દ્રવ્યનો આશ્રય ક્યારે આવે? કે એને ધ્યેયમાં બધી પરિપૂર્ણતા હોય તો જ એને દ્રવ્યનો આશ્રય આવે.

પ્રશ્ન :- આપની પાસેથી એ જ જાણવું હતું. સમ્યગ્દર્શનના ધ્યેયથી સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય. લક્ષ પણ પૂર્ણતાનું હોય અને ધ્યેય પણ પૂર્ણ પ્રાપ્ત કરવાનું હોય એને સમ્યગ્દર્શનથી માંડીને બધી પર્યાયો નિર્મળ થાય.

ઉત્તર :- બધી પર્યાયો નિર્મળ થાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એટલે મેં બધું કરી લીધું એવું સમ્યગ્દષ્ટિને હોતું નથી. એ તો અંશ છે એમ એને ખ્યાલ છે બરાબર. હજી એની સાધનાની શરૂઆત થાય છે. હજી તો એણે સાધનાના માત્ર પગલા માંડયા છે, હજી આગળ જવાનું છે. પ્રાપ્ત કરનારને એમ બસ થઈ ગયું એમ નથી હોતું. એ તો ભાવના એમ આવે છે કે સમ્યગ્દર્શન અનાદિ કાળનું પ્રાપ્ત કર્યું નથી એ પ્રાપ્ત થાય તો ભવનો અભાવ થાય, તો જ મોક્ષની શરૂઆત થાય છે. એટલે એની ભાવના (હોય છે). પણ એનો ઉપાય શું? એના ધ્યેયમાં શું હોય છે એ તો બરાબર એણે જાણવાનું હોય છે. એટલામાં સંતોષ થઈ જાય તો એને સમ્યગ્દર્શન એવી રીતે હોઈ શકતું નથી.

પ્રશ્ન :- એટલી હદ સુધી પહોંચ્યા પછી સંતોષ તો ન જ થાયને?

ઉત્તર :- સંતોષ ન થાય.

પ્રશ્ન :- કેટલી પાત્રતા કેળવાણી હોય...

ઉત્તર :- એટલી પાત્રતા કેળવાણી હોય છે. એક અંશમાં સંતોષ થતો નથી. જેને પૂર્ણતા જોઈએ છે તે અટકતો નથી. જેનો પુરુષાર્થ મંદ પડે એની તો કાંઈ વાત જ નથી.

પ્રશ્ન :- એને તો ત્યાં સુધી પહોંચવાનું જ નથી.

ઉત્તર :- એને તો પહોંચવાનું નથી. બાકી એના ધ્યેયમાં પૂર્ણતા હોય છે. ધ્યેયમાં પૂર્ણતા હોય છે. મને પૂર્ણતા પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શનના ધ્યેયમાં પૂર્ણતા હોય છે.

પ્રશ્ન :- આપે એ મુદ્દાની વાત કરી કે આશ્રય પણ પૂર્ણનો અને ધ્યેય પણ પૂર્ણ હોય એને જ સમ્યગ્દર્શનથી માંડીને બધું પ્રગટ થાય.

ઉત્તર :- હા. એને જ બધું પ્રગટ થાય. આશ્રય પણ પૂર્ણતાનો અને ધ્યેય પણ પૂર્ણતાનું.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં આવે છે કે શાસ્ત્રોના શબ્દો વિના હૈયાઉકેલ થઈ જવો જોઈએ. ઉપાય મૂળમાંથી જ આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય એનું કાંઈ નહિ. અન્ય સર્વ વિકલ્પો જાય અને અદ્ધરથી આત્મા સંબંધી વિકલ્પો ચાલ્યા જ કરે અને વળગ્યા જ રહે તો એમ કે એને સાચી લગની છે. ફરીથી વાચું. શાસ્ત્રનો શબ્દો વિના હૈયાઉકેલ થઈ જવો જોઈએ.

ઉત્તર :- અંતરથી પોતાને નિશ્ચય આવવો જોઈએ. અંતરથી વિચાર કરીને સ્વભાવ ઓળખાવો જોઈએ. માત્ર શાસ્ત્રોના શબ્દોથી નહિ પણ અહીં શાસ્ત્ર શું કહે છે એનો આશય ગ્રહણ કરીને અંતરથી હૈયા ઉકેલે અંતરંગથી સમજાવું

જોઈએ પોતાને.

પ્રશ્ન :– કેવળ શાસ્ત્ર વાંચીને જે નક્કી કરે એમ નહિ.

ઉત્તર :– એમ નહિ. પોતાને અંદરથી હૈયાઉકલ એટલે પોતાને સ્વભાવ અંતરમાંથી ઓળખાવો જોઈએ કે શાસ્ત્ર તો કહે છે પણ આમ જ છે એમ પોતાને અંતરમાંથી લાગવું જોઈએ. અંતરમાંથી એવો એને દૃઢ વિશ્વાસ આવે છે કે બસ આ જ છે વસ્તુનું સ્વરૂપ, બીજું છે જ નહિ. એવો અંતરથી હૈયાઉકેલ થવો જોઈએ, અંતરમાંથી. તો જ એનો સાચો ઉપાડ છે.

પ્રશ્ન :– શાસ્ત્રમાંથી વાંચીને નક્કી કરે પણ અંદરથી એને હૈયાઉકેલ એટલે કે એને ભાવ તો અંદરથી બેસવો જોઈએ.

ઉત્તર :– હા. અંતરમાંથી. ભાવ અંદરથી બેસવો જોઈએ.

પ્રશ્ન :– કારણ પરમાત્મા નિત્ય છે અને તેને વિષય કરનારી પર્યાય અનિત્ય પર્યાય. એ અનિત્ય પર્યાયને ગૌણ કરવાનું કહ્યું કે તેનો નિષેધ કરવાનું કહ્યું?

ઉત્તર :– કારણ પરમાત્મા નિત્ય છે.

પ્રશ્ન :– પર્યાય નિત્યનો આશ્રય કરે છે એ અનિત્ય પર્યાયને ગૌણતામાં રાખવી કે અનિત્ય પર્યાયનો છેદ કરે?

ઉત્તર :– કારણ પરમાત્મા નિત્ય છે એનો આશ્રય અનિત્ય પર્યાય આશ્રય કરે છે. પણ એ પર્યાય ઉપર એની દૃષ્ટિ, એનું લક્ષ નથી. પર્યાય સાથે આવે છે. એનો નિષેધ એની દૃષ્ટિમાં નિષેધ આવે છે પણ એને ગૌણતા થાય છે. એ તદ્દન જુદું છે એ દૃષ્ટિમાં એનો વિષય જ નથી. પર્યાયનો વિષય એ દૃષ્ટિનો વિષય જ નથી. દૃષ્ટિ એક દ્રવ્યને જ જોર આપે છે. એટલે પર્યાય એમાં સહેજે ગૌણ થઈ જાય. દૃષ્ટિમાંથી નીકળી જાય છે પણ ગૌણ થઈ જાય છે.

પ્રશ્ન :– એને અભૂતાર્થ કહી છે, અસત્યાર્થ કહી છે.

ઉત્તર :– એ અસત્યાર્થ, ભૂતાર્થની અપેક્ષાએ એને અભૂતાર્થ કીધું છે. એની અપેક્ષાએ. પણ એ પોતે પર્યાયની અપેક્ષાએ પર્યાય તદ્દન નથી જ કે અભૂતાર્થ તદ્દન નથી એમ નથી. પર્યાયની અપેક્ષાએ પર્યાય છે પણ દ્રવ્યની અપેક્ષાએ, દૃષ્ટિની અપેક્ષાએ, ભૂતાર્થની અપેક્ષાએ એને અભૂતાર્થ કીધું.

પ્રશ્ન :– એનું પ્રયોજન શું પછી પર્યાયનું?

ઉત્તર :– અપ્રયોજન એ ભૂતાર્થની અપેક્ષાએ અપ્રયોજન, બાકી પોતે છે પર્યાય. એનું વેદન થાય છે પર્યાયનું. આ સંસાર એ બધું પર્યાય છે. એનું વેદન કોને છે? જો પર્યાય હોય જ નહિ તો કાંઈ વેદન જ ન હોય. આ વેદન સુખ–દુઃખનું જે થાય છે એ બધું પર્યાયમાં થાય છે વેદન. અને પછી શુદ્ધ પર્યાય પ્રગટ થાય એનું વેદન પણ પર્યાયમાં થાય છે. એનું પ્રયોજન છે. જીવ દુઃખથી છૂટવા માગે છે, સુખને ઇચ્છે છે અને સુખની શુદ્ધાત્માની પર્યાય પ્રગટ થાય. એનું પ્રયોજન છે પર્યાયનું. પણ એ શુદ્ધ પર્યાય પ્રગટ શી રીતે થાય? દ્રવ્યના આશ્રય વગર પ્રગટ થાતી નથી. માટે દ્રવ્યનું પ્રયોજન મુખ્ય છે પણ પર્યાય એમાં સાથે આવ્યા વગર રહેતી જ નથી. પર્યાયને કાઢી નાખો તોપણ એ આવ્યા વગર રહેતી નથી. પર્યાય સ્વરૂપ છે દ્રવ્યનું. એને કાઢી નાખો, એના જ્ઞાનમાંથી કે દૃષ્ટિમાંથી, ખોટી રીતે સમજે એટલે કે કાંઈ પર્યાયનો નાશ થાતો નથી. પર્યાય વઈ જાતી નથી. પર્યાય તો રહેવાની જ છે. એની દૃષ્ટિમાં, અને એના જ્ઞાનમાં, એની શ્રદ્ધામાં ભૂલ આવે છે. એનું પ્રયોજન... ભલે એની દ્રવ્યદૃષ્ટિ નથી પણ એ સુખ–દુઃખનું વેદન બધું પર્યાયમાં થાય છે. માટે એનું પ્રયોજન છે. મોક્ષમાં એ પ્રગટે છે, સાધનામાં એ પ્રગટે છે. સમ્યગ્દર્શન પર્યાય છે, ચારિત્ર પર્યાય છે. એ બધાનું વેદન થાય છે. એનું પ્રયોજન છે સાધકદશામાં.

પ્રશ્ન :– તોપણ એને અભૂતાર્થ કહી.

ઉત્તર :– તોપણ એને અભૂતાર્થ કીધી. દ્રવ્યની અપેક્ષાએ અભૂતાર્થ છે. એની અપેક્ષાએ છે. સ્ફટિક નિર્મળ છે. લાલ-પીળા પ્રતિબિંબો પડે એની અપેક્ષાએ પ્રતિબિંબો છે. સ્ફટિકની અપેક્ષાએ નથી.

પ્રશ્ન :– અભૂતાર્થ એટલા માટે કહી કે એના આશ્રયે શુદ્ધિ પ્રગટતી નથી. એટલા માટે એને અભૂતાર્થ કીધી. અભૂતાર્થ માં વિદ્યમાન નથી એમ નહિ પણ એના આશ્રયે શુદ્ધિ પ્રગટતી નથી એ અર્થમાં છે. આ બોલમાં છે.

પ્રશ્ન :– માતાજીએ કહ્યુંને દ્રવ્યને અપેક્ષાએ એને અભૂતાર્થ કહી છે. પર્યાય છે એનું વેદન છે.

ઉત્તર :– પર્યાય છે એનું વેદન છે. બધું છે.

પ્રશ્ન :– જ્ઞાનમાં તો ગૌણ-મુખ્ય જ થાવું જોઈએ. અભાવ અને સદ્ભાવ થાય જ્ઞાન ખોટું. દૃષ્ટિ ભલે જોર આપ્યા કરે. સાથેનું જ્ઞાન કહે છે કે પર્યાય છે. ... જ્ઞાનમાં આવે છે. પેલાનો તો વિષય જ નથી એટલે એનું તો જોર કરવું જ જ એક વિષય છે.

ઉત્તર :– જ્ઞાન તો જેમ છે એમ જાણે. નહિતર જ્ઞાન સમ્યક્ કહેવાય નહિ. જે પર્યાય છે એનો તદ્દન નિષેધ કરે તો જ્ઞાન ખોટું થાય, મિથ્યાજ્ઞાન થાય. છે, એની અપેક્ષાએ છે પર્યાય. એનો આશ્રય નથી લેવાતો. વેદનમાં આવે છે.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એનો નિષેધ કર્યો છે.

ઉત્તર :– એનો નિષેધ એની અપેક્ષાએ. અપેક્ષા સમજવી જોઈએ. નહિતર ભૂલ થાય.

પ્રશ્ન :– સર્વથા નિષેધ થઈ જાય તો એકાંત થઈ ગયું. વસ્તુ આખી ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ રહ્યું જ નહિ.

ઉત્તર :– હા. એકાંત થયું. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ કહેવાય છે એ રહે જ નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું સત્. તમારે શું પૂછવાનું હતું?

પ્રશ્ન :– ત્યાં પછી એમાં લીધું છે કે ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય એનું કાંઈ નહિ.

ઉત્તર :– સમજાય થોડું એનો કાંઈ વાંધો નથી પણ પ્રયોજનભૂત સમજાવું જોઈએ. અંતરમાંથી સમજાવું જોઈએ. અંદરમાંથી ઉપાડ થાવો જોઈએ. બહારથી પણ નહિ પણ અંતરમાંથી પોતાનો આત્મા જ અંદરથી ઊપડતો હોય મૂળમાંથી કે મારે આ જોઈતું નથી, મારો સ્વભાવ જ જોઈએ છે. એવું અંતરમાંથી લાગવું જોઈએ.

પ્રશ્ન :– અંતરમાંથી ઉપાડ આવવો જોઈએ એનો અર્થ એ કે મારે મારો સ્વભાવ જ જોઈએ છે. એવું અંતરથી...

ઉત્તર :– અંતરથી એને આવવું જોઈએ, એની અંતર પરિણતિમાંથી આવવું જોઈએ.

પ્રશ્ન :– વાંચીને કે કોઈ જ્ઞાની પાસેથી સાંભળીને ખાલી એમ નહિ?

ઉત્તર :– સાંભળીને, વાંચીને એમ નહિ. પોતાને અંતરમાંથી આવવું જોઈએ. સાંભળીને એમ થાય કે આ કાંઈક જુદું કહે છે પણ પોતાને અંતરમાંથી એવું લાગવું જોઈએ કોઈ અપૂર્વતા કે મારે આ કરવું જ છે. અંતરમાંથી ઉપાડ આવવો જોઈએ.

***

પરમ પ્રેમ આવવા ન દે તેમ છે. ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.

***

### પત્રાંક-૨૭૪

**વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭**

'સત્' હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે. જુદી જુદી ચેષ્ટાએ તે હાલ પ્રગટ જેવું માનવામાં આવે છે, (યોગાદિક સાધન, આત્માનું ધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંતશુષ્ક વગેરેથી) પણ તે તેવું નથી.

જિનનો સિદ્ધાંત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય, અને જીવ કોઈ કાળે જડ ન થાય; તેમ 'સત્' કોઈ કાળે 'સત્' સિવાયના બીજા કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહીં. આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત્' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.

જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે.pq

***

### પત્રાંક-૨૭૫

**વવાણિયા, ભા. વદ ૫, બુધ, ૧૯૪૭**

આજે આપનું પત્તું ૧ આવ્યું. તે વાંચી સર્વાત્માનું ચિંતન અધિક સાંભર્યું છે. સત્સંગનો અમને વારંવાર વિયોગ રાખવો એવી હરિની ઇચ્છા સુખદાયક કેમ મનાય ? તથાપિ માનવી પડે છે.

...ને દાસત્વભાવથી વંદન કરું છું, એમની ઇચ્છા 'સત્' પ્રાપ્ત કરવા માટે તીવ્ર રહેતી હોય તોપણ સત્સંગ વિના તે તીવ્રતા ફળદાયક થવી દુર્લભ છે. અમને તો કાંઈ સ્વાર્થ નથી; એટલે કહેવું યોગ્ય છે કે કેવળ 'સત્'થી વિમુખ એવે માર્ગે પ્રાયે તેઓ વર્તે છે.

જે તેમ વર્તતા નથી તે હાલ તો અપ્રગટ રહેવા ઇચ્છે છે. આશ્ચર્યકારક તો એ છે કે, કળિકાળે થોડા વખતમાં પરમાર્થને ઘેરી લઈ અનર્થને પરમાર્થ બનાવ્યો છે.

***

### પત્રાંક-૨૭૬

વવાણિયા, ભાદરવા વદ ૭, ૧૯૪૭

વિગતવાર પત્ર અને ધર્મજવાળું પત્તું પ્રાપ્ત થયું.

હાલ ચિત્ત પરમ ઉદાસીનતામાં વર્તે છે. લખવા વગેરેમાં પ્રવૃત્તિ થતી નથી. જેથી તમને વિશેષ વિગતથી કંઈ લખવાનું બની શકતું નથી. ધર્મજ જણાવશો કે આપને મળવા માટે હું (એટલે કે અંબાલાલ) ઉત્કંઠિત છું. આપના જેવા પુરુષના સત્સંગમાં આવવા મને કોઈ શ્રેષ્ઠ પુરુષની આજ્ઞા છે. તો બનતાં સુધી દર્શન કરવા આવીશ. તેમ બનવામાં કદાપિ કોઈ કારણે વિલંબ થયો તોપણ આપનો સત્સંગ કરવાની ઇચ્છા મને મંદ નહીં થાય. એ પ્રમાણેના અર્થથી લખશો. હાલ કોઈ પણ પ્રકારે ઉદાસીન રહેવું યોગ્ય નથી.

અમારા વિષેની કંઈ પણ વિગત તેઓને હાલ લખવાની નથી.

***




**પત્રાંક-૨૬૯**

**વવાણિયા, ભાદ્રપદ વદિ ૩, સોમ, ૧૯૪૭**

ઈશ્વરેચ્છા હશે તો પ્રવૃત્તિ થશે; અને તેને સુખદાયક માની લઈશું, પણ મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે. મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે; પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ. ફરી ફરી આપની સ્મૃતિ થાય છે.

***

**પત્રાંક-૨૭૦**

**વવાણિયા, ભા.વદ ૪, ભોમ, ૧૯૪૭**

ૐ સત્

જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય; થોડો અથવા ઘણો પ્રકાશ, પણ પ્રકાશ એક જ.

શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે.

***

**પત્રાંક-૨૭૧**

**વવાણિયા, ભા.વદ ૪, ભોમ, ૧૯૪૭**

ૐ સત્

શ્રીમાન્ પુરુષોત્તમની અનન્ય ભક્તિને અવિચ્છિન્ન ઇચ્છું છું.

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે; તે ચો ? અને કેવા પ્રકારે તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.

લિ. સત્‌માં અભેદ

**પત્રાંક-૨૭૨**

**વવાણિયા, ભાદ્રપદ વદ ૪, ભોમ, ૧૯૪૭**

જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે નિ:સંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે.

લિ. અપ્રગટ સત્

**પત્રાંક-૨૭૩**

**વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭**

વિગત લખી તે જાણી. ધીરજ રાખવી અને હરિઇચ્છા સુખદાયક માનવી એટલું જ આપણે તો કર્તવ્યરૂપ છે. કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે. છતાં વળી કંચન અને કાંતાનો મોહ તેમાં